જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૪/૦૩/૨૦૧૮ રવિવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩૩/૧૮

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૦ કેસ કરી, ૩૯ વ્યક્તિઓને ઝડપી, ૧૮૪ લીટર દેશી દારૂ, ૨ બિયર ટીન અને ૧ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૬ કેસ કરી ૨૪ વ્યક્તિઓને અટક કરી રોકડ રૂપિયા ૬૬,૭૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૪૩૪/૧૮

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

## છેતરપીંડીની ફરીયાદઃ- સમાચાર યાદી નં.૪૩૫/૧૮

**ઘાટલોડીયાઃ** તરૂણ સ/ઓ રામનિવાસ શર્મા (ઉ.વ.૨૮) (રહે. પ્રતિક્ષા એપાર્ટમેન્ટ કે.આર.કે.વર્મા સ્કુલની સામે સોલા રોડ નારણપુરા) એ તા.૦૩/૦૩/૧૮ નારોજ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જાન્યુઆરી-૨૦૧૭ થી તા.૨૮/૦૭/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) મારીયો મેનેજમેન્ટ સર્વીસીસ પ્રા.લિમીટેડ ઓફીસ નં-૧૦ ત્રીજો માળ વી.જી.પીમર્ફીસ્ક્વેર અલંદુર સિમેન્ટ રોડ અલંદુર કોર્ટ પાસે ગીન્ડી ચેન્નઇ તમિલનાડુના માલીક રાજેશ પી (૨) મારીયો મેનેજમેન્ટ સર્વીસીસ પ્રા.લિમીટેડની ઓફીસમાં કામ કરતા ડોમીનીક (૩) મારીયો મેનેજમેન્ટ સર્વીસીસ પ્રા.લિમીટેડની ઓફીસમાં કસ્ટમર એક્ઝીક્યુટીવ તરીકે હોદ્દો ધરાવતી ગ્રેસી (જેઓના પુરા નામ સરનામાની ખબર નથી) એ ભેગા મળી તરૂણ શર્માને ઇન્ટરનેટના માધ્યમથી કંપનીની વેબ સાઇટ WWW.MARIOCONSULTANCY.COMમાં મોબાઇલ નં-૮૧૪૮૩૭૭૦૭૭ થી વિદેશના વિઝા અપાવવાની લલચામણી અને લોભામણી જાહેરાત આપી રૂપિયા બે લાખ એન.ઇ.એફ.ટી મેળવી લઇ તથા અભ્યાસ તથા અનુભવના અસલ પ્રમાણપત્રો તથા અસલ પાસપોર્ટ તથા બીજા ડોક્યુમેન્ટસ મેળવી લઇ આજદિન સુધી કેનેડાના વિઝા નહી કરાવી આપી તેમજ ડોક્યુમેન્ટસ તથા રૂપિયા બે લાખ મેળવી લઇ છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.વી.ચાવડા ચલાવે છે.

**ક્રાઇમ બ્રાંચ**: બાબુભાઇ કાંતીભાઇ જાદવ (ઉ.વ.૪૮) (રહે. શક્તિકૃપા સોસાયટી વિભાગ-૧, આઈઓસી રોડ,ચાંદખેડા) એ તા.૦૩/૦૩/૧૮ નારોજ ક્રાઇમ બ્રાંચ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૨/૧૮ થી તા.૨૦/૦૨/૧૮ સુધીના સમયગાળા દરમ્યાન અજાણી વ્યક્તિએ બાબુભાઈ જાદવના એસ.બી.આઈ. બેન્કનુ બનાવટી એટી.એમ બનાવી ખાતેદાર અરવિંદરકુમારના ખાતામાં રૂપિયા ૪૦,૦૦૦/- તથા બલવીરસિંહ મંજીત કૌરના ખાતામાં રૂપિયા ૧,૬૦,૦૦૦/- ટ્રાન્સફર કરી તથા રૂપિયા રૂપિયા ૨,૪૦,૦૦૦/- એ.ટી.એમ. મારફતે ઉપાડી લઇ કુલ રૂપિયા ૪,૪૦,૦૦૦/- ટ્રાન્જેકશન કરી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એસ.ગેડમ ચલાવે છે.

**એલીસબ્રીજ**: નિરંજન અનંતપ્રકાશ કસ્વેકર (ઉ.વ.૩૩) (રહે. અર્જુન ગ્રીન્સ ફ્લેટ મેનારાવહોલ પાસે કે.કે.નગર) એ તા.૦૩/૦૩/૧૮ નારોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૧૭ થી તા ૦૫/૧૨/૨૦૧૭ સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ સાકાર-૨ કોટક મહિન્દ્ર પાઇપ લીમીટેડ ઓફીસ ખાતે આરોપી કૃણાલ કમલેશભાઇ પટેલ (રહે.કલસાકાર હાઇટસ અનમોલ બંગલોઝ સામે ન્યુ રાણીપ) એ નિરંજન કસ્વેકરના કંપનીના ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૪,૧૮,૦૦૦/- મેળવી લઈ કંપનીમાં જમા નહી કરાવી કંપની સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એન.ડી પરમાર ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૪૩૬/૧૮**

**કૃષ્ણનગરઃ** મંજુલાબહેન વા/ઓ કાંતીભાઈ (રહે.નારણધામ સોસાયટી રામદેવ સોસાયટીની બાજુમા કુબેરનગર સૈજપુર બોઘા) એ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૧૮ સાંજના ૬/૩૦ વાગ્યાના સુમારે પોતાના મકાનના દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કિમતી ચીજવસ્તુઓ અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૬૩,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એસ.ચંપાવત ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૪૩૭/૧૮**

**ચાંદખેડાઃ** ચિરાગ બાબુભાઈ ચોધરી (રહે.અમર સોસાયટી ગામ-વાસણા તા-દહેગામ જીલ્લો-ગાંધીનગર) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૩/૦૩/૧૮ સવારના ૧૧/૩૦ થી બપોરના ૧/૦૦ વાગ્યા દરમ્યાન વિસત ગાંધીનગર હાઈવે પેન્ટાલુન્સ મોલની સામે પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી કારમાંથી લેપટોપ કિમત રૂપિયા ૨૫,૦૦૦/- ,આઈ પેડ કિમત રૂપિયા ૧૫,૦૦૦/-, હાર્ડ ડ્રાઈવ કિમત રૂપિયા ૫૦૦૦/- અને રોકડ રૂપિયા ૩૦૦૦/- મળી કુલ રૂપિયા ૪૮,૦૦૦/- મતાની અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એલ.સોલંકી ચલાવે છે.

**ઈસનપુરઃ** પલ્લવીબહેન વા/ઓફ હર્ષદરાય ભટ્ટ (ઉ.વ.૪૭) (રહે. જલધારા બંગલો પાર્ટ-૦૧ બોપલ ગ્રામ પંચાયત ઓફિસ સામે બોપલ) એ ઈસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/03/૧૮ રાતના ૮/30 વાગ્યાના સુમારે શટલ ઓટોરિક્ષામાં બેસી ઇસનપુર કેડિલા બ્રિજ ઉતરતા ઘોડાસર ચાર રસ્તા ખોડિયાર માતાના મંદિર સુધીની મુસાફરી દરમ્યાન રિક્ષા ચાલકની મદદગારીથી રિક્ષામાં બેઠેલ બે પુરૂષોએ પલ્લવીબહેનના થેલામાંથીસોનાની વીંટી, સોનાની બુટ્ટી, ચાંદીના છડા, જુના મોબાઈલનંગ-ર અને રોકડા રૂપિયા ૪૬,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૦,૫૦૦/- મત્તાની ચોરી કરી લીધી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી બી.સી.છત્રાલિયા ચલાવે છે.

**<u>સોનાની ચેઈન ખેચી તોડી લઈ ગયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૪૩૮/૧૮</u>**

**સરદારનગરઃ** જ્યોતીબહેન નટવરલાલ જૈન (રહે. દીપ જયોતિ એવન્યુ શાહિબાગ સર્કિટ હાઉસ પાસે શાહિબાગ) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.03/03/૧૮ બપોરના ૨/00 વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ પુરૂષો સમરથનગર ચાર રસ્તા પાસે સેજવાણી કિરાણા સ્ટોર સામેથી જ્યોતીબહેન જૈનના ગળામાંથી સોનાની ચેઈન પેડલ સાથે કિમત રૂપિયા 30,000/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ ગુનાની તપાસ સર્વેલંસ સ્કોડના પો.સ.ઈ. ચલાવે છે.

**<u>ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુઃ</u>** **<u>સમાચાર યાદી નં.૪૩૯/૧૮</u>**

**ખોખરાઃ** કેયુર ધર્મદાસ બાવાજી (કાપડી) (ઉ.વ.૨૩) (રહે. પાલડી બસ સ્ટેન્ડ પાસે સુવિધા લેબ પાલડી) તા.03/03/૧૮ સવારના ૬/૫૫ વાગ્યાના સુમારે મણિનગર રેલ્વે પ્લેટફોર્મ અને એલ.પી.ગેટ નં. ૩૦૮ ની વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુનિપજયું હતુ આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.બી.પરમાર ચલાવે છે.

**જીઆઈડીસી વટવાઃ** વાલજીભાઈ લખુભાઈ રાઠોડ (ઉ.વ.૬૦)(રહે. નવી વસાહત સરણીયા વાસની સામે જશોદાનગર) તા.03/03/૧૮ કલાક ૧૨/૧૫ વાગ્યાના સુમારે પુનિતનગર રેલ્વે ફાટકની રેલવે લાઇનના થાંભલા વચ્ચે ટ્રેઈનની અડફેટે આવી જતા મૃત્યુનિપજયું હતુ આ અંગે જીઆઈડીસી વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ જશોદાનગર પો.ચોકીના પો.સ.ઇ.ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.